# માનવ વિકાસ આંક અને ભારત: વર્તમાન પરિપ્રેક્ષ્યમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ

ડૉ. ચનાભાઈ બી. ટાલીયા
મદદનીશ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ
સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ
દેડિયાપાડા, જિ.-નર્મદા

**સારાંશ:**

*આર્થિક વિકાસને લાંબા સમય સુધી રાષ્ટ્રીય આવક, કુલ ઘરેલુ ઉત્પાદન અને પ્રતિ વ્યક્તિ આવક જેવા આર્થિક સૂચકો દ્વારા માપવામાં આવતો હતો. પરંતુ માત્ર આવક અને ઉત્પાદનની વૃદ્ધિ સમાજના વાસ્તવિક કલ્યાણને સંપૂર્ણ રીતે વ્યક્ત કરતી નથી. વ્યક્તિ કેટલું લાંબું અને સ્વસ્થ જીવન જીવે છે, તેને કેટલી અને કેવી ગુણવત્તાયુક્ત શિક્ષણની તકો પ્રાપ્ત થાય છે તથા તે કયા પ્રકારનું જીવનધોરણ ધરાવે છે તે વિકાસના મહત્વપૂર્ણ પરિમાણો છે. આ માનવકેન્દ્રિત અભિગમને આધારે United Nations Development Programme (UNDP) દ્વારા Human Development Index (HDI) વિકસાવવામાં આવ્યો.*

*આ અભ્યાસનો મુખ્ય હેતુ ભારતના માનવ વિકાસની વર્તમાન સ્થિતિનું વિશ્લેષણ કરવાનો છે. અભ્યાસમાં UNDP Human Development Report 2025, Statistical Annex, NITI Aayog અને ભારત સરકારના વિવિધ સત્તાવાર અહેવાલોમાંથી દ્વિતીયક માહિતી લેવામાં આવી છે. UNDPના 2025ના અહેવાલ મુજબ 2023માં ભારતનો HDI 0.685 હતો અને 193 દેશોમાં ભારતનું સ્થાન 130મું હતું. 1990માં ભારતનો HDI 0.446 હતો, જે 2023માં વધીને 0.685 થયો છે. આ સમયગાળામાં આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થયો છે.*

*આ અભ્યાસમાં HDIના લાંબા ગાળાના વલણ સાથે આરોગ્ય, શિક્ષણ, આવક, અસમાનતા અને બહુપરિમાણીય ગરીબીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. NITI Aayogના National Multidimensional Poverty Index મુજબ 2015-16થી 2019-21 દરમિયાન બહુપરિમાણીય ગરીબી 24.85 ટકાથી ઘટીને 14.96 ટકા થઈ હતી. આ સમયગાળામાં આશરે 135.5 મિલિયન લોકો બહુપરિમાણીય ગરીબીમાંથી બહાર આવ્યા હતા. તેથી ભારત માટે માત્ર આર્થિક વૃદ્ધિ કરતાં વધુ સમાવેશક, સમાન, ટકાઉ અને માનવકેન્દ્રિત વિકાસ જરૂરી છે.*

**ચાવીરૂપ શબ્દો:** *માનવ વિકાસ, HDI, ભારત, UNDP, આરોગ્ય, શિક્ષણ, આવક, અસમાનતા, બહુપરિમાણીય ગરીબી, સમાવેશક વિકાસ*

## 1. પરિચય

વિકાસ અર્થશાસ્ત્રમાં વિકાસની વિભાવનામાં છેલ્લા કેટલાક દાયકાઓમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે. પરંપરાગત રીતે આર્થિક વિકાસને રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને પ્રતિ વ્યક્તિ આવકના વધારા સાથે જોડવામાં આવતો હતો. પરંતુ આર્થિક વૃદ્ધિ અને માનવ કલ્યાણ એક જ બાબત નથી. ઊંચી GDP વૃદ્ધિ હોવા છતાં જો ગરીબી, બેરોજગારી, કુપોષણ, અસમાનતા અને ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ હોય તો વિકાસ અધૂરો રહે છે.

આથી વિકાસનું કેન્દ્ર "અર્થવ્યવસ્થા"માંથી "માનવી" તરફ ખસ્યું. માનવ વિકાસનો અભિગમ વ્યક્તિની ક્ષમતાઓ, પસંદગીઓ અને તકોના વિસ્તરણ પર ભાર મૂકે છે. અમર્ત્ય સેનના Capability Approachએ આ વિચારધારાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. UNDP દ્વારા 1990માં પ્રથમ Human Development Report પ્રકાશિત કરવામાં આવ્યો અને HDIને માનવ વિકાસ માપવાના મુખ્ય સંયુક્ત સૂચક તરીકે રજૂ કરવામાં આવ્યો. HDI ત્રણ મૂળભૂત પરિમાણો પર આધારિત છે:

1. લાંબું અને સ્વસ્થ જીવન,
2. જ્ઞાન અને શિક્ષણ,
3. જીવનધોરણ.

ભારતના સંદર્ભમાં HDIનું વિશ્લેષણ ખાસ મહત્વ ધરાવે છે. ભારત ઝડપી આર્થિક વૃદ્ધિ, ડિજિટલ પરિવર્તન અને વધતી માનવ મૂડીનો અનુભવ કરી રહ્યું છે. બીજી તરફ આવક અને તકોની અસમાનતા, ગ્રામ્ય-શહેરી તફાવત, આરોગ્ય અને શિક્ષણની ગુણવત્તા તથા રોજગાર જેવા પડકારો પણ મહત્વપૂર્ણ છે.

## 2. સંશોધન અભ્યાસના હેતુઓ

આ સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

1. માનવ વિકાસ આંક (HDI)ની વિભાવના, રચના અને મહત્વનો અભ્યાસ કરવો.
2. ભારતમાં HDIના લાંબા ગાળાના વલણનું વિશ્લેષણ કરી આરોગ્ય, શિક્ષણ અને આવકના પરિમાણોની સ્થિતિનો અભ્યાસ કરવો.
3. ભારતના માનવ વિકાસ સામેના મુખ્ય પડકારો ઓળખવા

## 3. સાહિત્ય સમીક્ષા

1. Lal (2018): આ પેપરમાં ભારતમાં Human Development Index (HDI)ની સ્થિતિનું વિકસતા દેશો સાથે તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં 1990 પછી HDIમાં સુધારો થયો હોવા છતાં અન્ય વિકસતા દેશોની સરખામણીમાં ભારતનું માનવ વિકાસનું સ્થાન નીચું રહ્યું છે.
2. Raj, Gupta, & Shrawan, A. (2024): આ અભ્યાસમાં ભારતમાં Economic Growth અને Human Development વચ્ચેના સંબંધ તથા રાજ્યોમાં convergenceનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ મુજબ આર્થિક વૃદ્ધિ અને માનવ વિકાસ વચ્ચેનો સંબંધ રાજ્યો પ્રમાણે અલગ છે.
3. Chawla (2022): આ પેપરમાં ભારતીય રાજ્યોના HDIમાં health, education અને income componentsના તફાવતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ મુજબ આરોગ્ય અને શિક્ષણના પરિમાણો માનવ વિકાસના તફાવતોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જ્યારે આવકનું પરિમાણ મુખ્યત્વે રાજ્યોની HDI rankingને અસર કરે છે.
4. Faisal (2023): આ અભ્યાસમાં SAARC દેશોના સંદર્ભમાં Human Development, Income Inequality અને Economic Growth વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ માટે panel-data પદ્ધતિનો ઉપયોગ કરીને HDI, આવકની અસમાનતા અને આર્થિક વૃદ્ધિ વચ્ચેના સંબંધને તપાસવામાં આવ્યો છે.

## 4. સંશોધન પદ્ધતિ

આ સંશોધન માટે વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક સંશોધન પદ્ધતિ અપનાવવામાં આવી છે. અભ્યાસ મુખ્યત્વે ગૌણ માહિતી (Secondary Data) પર આધારિત છે. Human Development Index (HDI), આરોગ્ય, શિક્ષણ અને આવક સંબંધિત

માહિતી માટે UNDPના Human Development Reports તથા ઉપલબ્ધ સંશોધન પેપરો અને સંબંધિત સાહિત્ય તેમજ વેબસાઈટ્સનો આધાર લેવામાં આવ્યો છે. ભારતના માનવ વિકાસની સ્થિતિનું સમયગાળાવાર તથા તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## 5. માનવ વિકાસ આંકની રચના

પ્રથમ માનવ વિકાસ અહેવાલ ૧૯૯૦માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ માનવ વિકાસ આંકમાં ત્રણ મુખ્ય નિર્દેશકોનો સયુંક્ત રીતે ઉપયોગ કરવામાં આવે છે.

(1) સરેરાશ આયુષ્ય

આરોગ્ય અને દીર્ઘાયુ ના માપન માટે બાળકના જન્મ સમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભોગવી શકશે તેવી અપેક્ષા અપેક્ષિત આયુષ્ય તરીકે ઓળખવામાં આવે છે.

(2) શિક્ષણ આંક

જેના બે પેટા નિર્દેશકો નીચે મુજબ છે

1. શાળાકીય સરેરાશ વર્ષો mys 25 વર્ષની પુખ્ત વ્યક્તિએ શાળામાં વિતાવેલા વર્ષોને ધ્યાનમાં લેવામાં આવે છે.

2. અપેક્ષિત શાળાકીય વર્ષો પાંચ વર્ષનું બાળક પોતાના જીવનનાં કેટલા વર્ષો શાળામાં વિતાવશો તે વર્ષોની ગણતરી ધ્યાનમાં લેવામાં આવે છે આમાં ઉચ્ચતમ 18 વર્ષ અને ન્યૂનત્તમ 0 વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

(3) આવક આંક

જીવન નિર્વાહના માપન માટે માથાદીઠ કુલ ઘરેલુ પેદાશ ને માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક સાથે પ્રસ્થાપિત કરવામાં આવે છે. માનવ વિકાસ આંકની ગણતરી કરવા માટે પ્રત્યેક માપદંડનું મહત્તમ અને ન્યૂનતમ મૂલ્ય નક્કી કરવામાં આવે છે. માનવ વિકાસ આંક પ્રમાણે પ્રત્યેક માપદંડનું મહત્તમ અને ન્યૂનતમ મૂલ્ય નીચે પ્રમાણે છે.

| Dimension | Indicator | Minimum | Maximum |
|---|---|---|---|
| Health | Life expectancy (years) | 20 | 85 |
| Education | Expected years of schooling (years) | 0 | 18 |
| Standard of living | Mean years of schooling (years) | 0 | 15 |
| GNI per capita (2017 PPP$) | | 100 | 75,000 |

માનવ વિકાસ આંકનાં માપદંડનું મૂલ્ય નક્કી કરીને નીચે મુજબના સૂત્ર દ્વારા ગણતરી કરવામાં આવે છે.

Dimension index = actual value – minimum value

maximum value – minimum value

Health index = actual value – minimum value

maximum value – minimum value

Expected years of schooling index = actual value – minimum value

maximum value – minimum value

Mean years of schooling index = actual value – minimum value

maximum value – minimum value

વિશ્વના દેશોને ઉપરોક્ત માપદંડના આધારે 0 થી 1ની વચ્ચે ક્રમ આપવામાં આવે છે. એમાં 189 દેશો ની યાદી જાહેર કરવામાં આવે છે.2023નાં માનવ વિકાસ અહેવાલ મુજબ ભારતનો રેન્ક 130 મો છે જેનો આંક 0.685 છે. ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે ભારત મધ્યમ માનવ વિકાસ અહેવાલની શ્રેણીમાં છે.

| | |
|---|---|
| Very high human development | 0.800 and above |
| High human development | 0.700–0.799 |
| Medium human development | 0.550–0.699 |
| Low human development | Below 0.550 |

### 6. ભારતમાં HDIનું લાંબા ગાળાનું વલણ

| વર્ષ | HDI |
|---|---|
| 1990 | 0.446 |
| 2000 | 0.501 |
| 2010 | 0.590 |
| 2015 | 0.633 |
| 2020 | 0.652 |
| 2021 | 0.647 |
| 2022 | 0.676 |
| 2023 | 0.685 |

*સ્ત્રોત: UNDP, Human Development Report 2025.*

1990માં ભારતનો HDI 0.446 હતો. 2023માં તે 0.685 થયો. એટલે 33 વર્ષના સમયગાળામાં HDIમાં 0.239 પોઈન્ટનો વધારો થયો. સાપેક્ષ વધારો (0.685 – 0.446) / 0.446 × 100 = આશરે 53.6% દર્શાવે છે કે ભારતમાં છેલ્લા ત્રણ દાયકામાં માનવ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

### 7. ભારતની વર્તમાન HDI સ્થિતિ

| સૂચક | ભારત |
|---|---|
| HDI | 0.685 |
| વૈશ્વિક રેન્ક | 130 |
| દેશોની સંખ્યા | 193 |
| HDI Category | Medium Human Development |
| High HDI Threshold | 0.700 |

*સ્ત્રોત: UNDP Human Development Report 2025.*

ભારત 0.700ની High Human Development સીમાથી માત્ર 0.015 પોઈન્ટ દૂર છે. આ ભારત માટે એક મહત્વપૂર્ણ તબક્કો છે. આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણમાં ગુણાત્મક સુધારો થવાથી ભારત High Human Development કેટેગરી તરફ આગળ વધી શકે છે.

### 8. દક્ષિણ એશિયાની તુલના

| દેશ | HDI | રેન્ક |
|---|---|---|
| Bhutan | 0.698 | 125 |
| India | 0.685 | 130 |
| Bangladesh | 0.685 | 130 |
| Nepal | 0.622 | 145 |
| Pakistan | 0.544 | 168 |

*સ્ત્રોત: UNDP Human Development Report 2025.*

ભારતનો HDI બાંગ્લાદેશ જેટલો છે અને ભૂતાન કરતાં થોડો ઓછો છે. ભારત નેપાળ અને પાકિસ્તાન કરતાં ઊંચા HDI પર છે. આ તુલના દર્શાવે છે કે GDPનું કદ અને માનવ વિકાસનું સ્તર એકસરખું હોવું જરૂરી નથી.

### 9. બહુપરિમાણીય ગરીબી

ગરીબી માત્ર આવકનો અભાવ નથી. વ્યક્તિને આરોગ્ય, શિક્ષણ, રહેઠાણ, સ્વચ્છતા, પીવાનું પાણી અને અન્ય મૂળભૂત સેવાઓમાં વંચિતતા હોય તો તેને બહુપરિમાણીય ગરીબી કહેવાય છે.

| સૂચક | 2015-16 | 2019-21 |
|---|---|---|
| Headcount Ratio | 24.85% | 14.96% |
| Intensity of Poverty | 47.14% | 44.39% |
| MPI | 0.117 | 0.066 |

*સ્ત્રોત: NITI Aayog, National Multidimensional Poverty Index – Progress Review 2023.*

2015-16થી 2019-21 દરમિયાન બહુપરિમાણીય ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો. NITI Aayog મુજબ આશરે 135.5 મિલિયન લોકો બહુપરિમાણીય ગરીબીમાંથી બહાર આવ્યા.

### 10. ભારતના માનવ વિકાસ સામેના મુખ્ય પડકારો

1. આવક અને સંપત્તિની અસમાનતા.
2. શિક્ષણની ગુણવત્તામાં તફાવત.
3. ગ્રામ્ય-શહેરી આરોગ્ય સુવિધાનો તફાવત.
4. મહિલાઓની આર્થિક ભાગીદારી.
5. યુવા અને રોજગાર
6. પર્યાવરણને લાગતાં પ્રશ્નો

### 11. તારણો

આ અભ્યાસમાંથી નીચેના મુખ્ય તારણો પ્રાપ્ત થાય છે:

1. ભારતના માનવ વિકાસમાં લાંબા ગાળે નોંધપાત્ર સુધારો થયો છે.
2. 1990થી 2023 દરમિયાન HDI 0.446થી વધીને 0.685 થયો.
3. 2023માં ભારતનો 193 દેશોમાં 130મા ક્રમ હતો.

4. ભારત Medium Human Development કેટેગરીમાં આવે છે.
5. ભારત High Human Developmentની 0.700 સીમાની નજીક છે.
6. COVID-19 દરમિયાન HDIમાં અસ્થાયી ઘટાડો જોવા મળ્યો હતો.
7. બહુપરિમાણીય ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
8. ભારતના માનવ વિકાસમાં શિક્ષણ, આરોગ્ય અને મહિલા સશક્તિકરણને વધુ પ્રાથમિકતા આપવી જરૂરી છે.

## 12. નિષ્કર્ષ

ભારતની માનવ વિકાસ યાત્રા છેલ્લા ત્રણ દાયકામાં નોંધપાત્ર રીતે આગળ વધી છે. 1990માં 0.446 રહેલો HDI 2023માં વધીને 0.685 થયો છે. આ વધારો ભારતના આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણમાં થયેલા સુધારાનો સંકેત આપે છે.

2023માં ભારતનો HDI 0.685 અને વૈશ્વિક રેન્ક 130 રહી હતી. ભારત High Human Developmentની 0.700 સીમાની નજીક છે. તેથી આગામી વર્ષોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, સારું આરોગ્ય, રોજગાર, મહિલા સશક્તિકરણ અને આવકની સમાન તકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો ભારત માનવ વિકાસના ઉચ્ચ સ્તરે પહોંચી શકે છે. બહુપરિમાણીય ગરીબીમાં ઘટાડો ભારત માટે મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આથી ભારત માટે ભવિષ્યની વિકાસ વ્યૂહરચનામાં આર્થિક વૃદ્ધિ + માનવ મૂડી + સામાજિક સમાનતા + ડિજિટલ સમાવેશ + પર્યાવરણીય ટકાઉપણુંનો સંકલિત અભિગમ જરૂરી છે.

## 13. સંદર્ભસૂચિ

1. Chawla, S. (2022). Human development index among states of India. O. P. Jindal Global University.
2. Faisal, S., (2023). Human development, income inequality and economic growth: Evidence from SAARC countries.
3. Lal, J. (2018). Human development index: A comparative study of India among developing countries. Concept, 3(3).
4. NITI Aayog. (2023). National Multidimensional Poverty Index: A progress review 2023. Government of India.
5. Raj, J., Gupta, V., & Shrawan, A. (2024). Economic growth and human development in India: Are states converging? Indian Public Policy Review, 5(3), 94–137.
6. United Nations Development Programme. (2025). Human development report 2025: Statistical annex—Human development index and components. UNDP.
7. United Nations Development Programme. (2025). Human development report 2025: Human development index trends, 1990–2023. UNDP.
8. United Nations Development Programme. (2025). Inequality-adjusted human development index. UNDP.